@ગાંધીનગર

● રાજયની મહાનગર પાલિકાઓને વિકાસના કામો માટે ચેક અર્પણ કરવા બપોરે ૨.૦૦ કલાકે મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમ યોજાશે.

## નગરમાં જરૂરિયાત મંદોને પગરખાનું વિતરણ

ગાંધીનગર, તા.૩

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ચરણ સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચરણ સેવા અન્વયે શહેરના વિવિધ સ્થળો જેવા કે બહેરા મુંગાની શાળા સે-૨૮, અંધશાળા સે-૧૬, સરગાસણ ખાતેની સંસ્થામાં તથા ગાંધીનગરમાંસરકારી આવાસોતોડી નવા આવાસો બનાવતા મજુરો અને જરૂરિયાતમંદ લોકોનેપગરખા વિતરણ કરવાનુંઉમદા કાર્ય કરવામાં આવ્યુંહતું. આ સેવાકાર્યમાં જે.એલ. શાહ, દશરથલાલ પરમાર, બી.ડી. શાહ, સોમાભાઈ પરમાર, આશાબેન, ડી.એમ. પરમાર, કોકીલાબેન, રમેશભાઈ, અરવિંદભાઈ શાહ સહિતના અન્ય સભ્યોપણ જોડાયા હતા.

## ડિગ્રી ઈજનેરી સહીત અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ માટે ચર્ચાસભા

ગાંધીનગર, તા.૩

સેકટર-૨૮ સ્થિત સરકારી ઈજનેરી કોલેજ દ્વારા આયોજીત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી ઈજનરી, ડિગ્રી/ડિપ્લોમાં ફાર્મસી તથા બેચલર ઓફ આર્કિટેકચર અભ્યાસક્રમમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંગે તા. ૭મી મેના રોજ બપોરે ૩.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યુ છે. એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા ધો-૧૨ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની પ્રવેશ કાર્યવાહી ધો-૧૨ના પરિણામ બાદ હાથ ધરવામાં આવનાર છે. ગત વર્ષની જેમ આ વર્ષે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા ઉમેદવારોને પડતી મુશ્કેલીઓ તેમજ તેઓની વિવિધ સમસ્યાઓના નિરાકરણ અને માહિતી માટે ઉમેદવારો તેમજ વાલીઓ માટે પ્રવેશ સમિતિ દ્વારા તા. ૮મી મેના રોજ સાંજે ૪.૩૦ કલાકે મ્યુનિસિપલ બોટસ હાઈસ્કુલ દહેગામ ખાતે ચર્ચાસભા યોજાશે. આ ઉપરાંત તા.૧૫મી મેનારોજ સવારે ૯.૩૦ કલાકે બાયડના એન.એચ. શાહ હાઈસ્કૂલ ખાતે ચર્ચાસભાનું આયોજન કરાયું છે.

# સિવિલ હોસ્પિટલમાં અપનાવેલી ટોકન પધ્ધતિમાં પ્રથમ દિવસે જ ફિયાસ્કો



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેસ માટે ટોકન પધ્ધતિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પરંતુ મોટીસંખ્યામાં દર્દીઓ આવી જતા અને કલાકો સુધી ટોકન માટે લાંબી લાઈનમાં ઉભા રહેવાને પગલે દર્દીઓએ હોબાળો મચાવ્યો હતો.ત્યારબાદ તંત્રએ કેસબારી પરથી કેસ કાઢી દર્દીઓને આપવાની ફરજ પડી હતી. ટોકન પધ્ધતિનો પ્રથમ દિવસે જ ફિયાસ્કો થવા પામ્યો છે. સવારે ૧૧ વાગ્યા સુધી માત્ર ગણતરીના કેસ જ નીકળતા કર્મચારીઓમાં પણ ટોકન પધ્ધતિને લઈ કચવાટ જોવા મળ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની કેસબારી પર જામતી ભીડને કાબુમાં લેવા માટે ટોકન પધ્ધતિ વિકસાવામાં આવી હતી. છેલ્લા થોડા સમયથી સાંજના સુમારે પ્રાયોગીક ધોરણે ટોકન પધ્ધતિ અપનાવામાં આવી હતી ત્યારબાદ આજે સવારે હોસ્પિટલના ઓપીડી વિભાગમાં સારવાર માટે આવેલા દર્દીઓ માટે ટોકન પધ્ધતિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઓપીડી સંકુલની બહાર દર્દીઓની ભારે ભીડ જામી હતી. દર્દીઓને ટોકન માટે લાંબી લાઈનમાં કલાકો સુધી ઉભુ રહ્યા બાદ અંદર જઈને થોડીવાર બાદ કેસ નીકાળવા માટે નંબર આવતો હતો. જયારે દર્દીઓને લઈને આવેલા સ્નેહીજનોએ હોબાળો મચાવ્યો હતો. જયારે સિવિલ તંત્રએ ટોકન પધ્ધતિ બંધ કરીને જુની પધ્ધતિ અપનાવી પડી હતી. સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન ગણતરીના કેસો નીકળયા હતા. ત્યારબાદ કેસ બારી કાર્યરત કરી દેવામાં આવી હતી અને ગણતરીની મિનિટોમાં તમામ દર્દીઓને કેસ કાઢી આપવામાં આવ્યા હતા. પરંતુ ટોકન પધ્ધતિને લઈને કર્મચારીઓમાં પણ કચવાટ જોવા મળ્યો હતો. જો કે ટોકન પધ્ધતિ કાર્યરત રાખી હોત તો સાંજ સુધી દર્દીઓનો નંબર લાગ્યો ના હોત તેવું દર્દીઓમાં ચર્ચાઈ રહ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં ટોકન પધ્ધતિના પ્રથમ દિવસે જ ફિયાસ્કો થવા પામ્યો છે.

# બીબીએ કોલેજના ફાઈનલ યરનાં વિદ્યાર્થીઓના પ્રોજેકટસ વાઈવા યોજાયા

ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન બીબીએ કોલેજના ૨૩૪ વિદ્યાર્થીઓએ પોતાના રીસર્ચ પ્રોજેકટની ફાઈનલ કોપી રજૂ કરી હતી. સમગ્ર સેમેસ્ટર દરમિયાન વિદ્યાર્થીઓને કેપ્સ્ટોન પ્રોજેકટ વિષય તરીકે ભણાવવામાં આવે છે. જેમાં તેઓને રીસર્ચ મેથોડોલોજી બાબતે માર્ગદર્શન આપવામાં આવે છે અને કઈ રીતે શોધ સંશોધન થઈ શકે તેમાં કયા કયા ધોરણો જાળવવાના છે તે બાબત માહિતગાર કરવામાં આવે છે. ચાલુ વર્ષમાં વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૪૦ પ્રોજેકટ વિવિધ વિષયો પર તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં માર્કેટીંગ, ફાઈનાન્સ તેમજ એચ.આર.ના વિષયનો સમાવેશ થાય છે. સાંપ્રત સમયમાં વ્યવસાયને સ્પર્શતા મુદ્દાઓનું સમાધાન કેવી રીતે કરી શકાય તેના જવાબ શોધવાનો વિદ્યાર્થીઓ દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે. આ પ્રોજેકમાં લાઈવ એકશન પ્રોજેકટ દ્વારા વિદ્યાર્થીઓએ સ્ટોકયાર્ડ ઈન્વેસ્ટમેન્ટ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ શેર બ્રોકિંગ ફર્મની જાગૃતતા લોક માનસમાં કેળવી હતી. આ પ્રોજેકટમાંથી ૧૮ પ્રોજેકટ પર સંશોધન પત્ર તૈયાર કરી વિદ્યાર્થીઓએ ૨-૩-૨૦૧૬ના રોજ રાજયકક્ષાના રિસર્ચ સેમિનારમાં રજુ કર્યા હતા અને પ્રથમ, દ્વિતિય તેમજ તૃતીય ક્રમ પ્રાપ્ત કરી રાજયભરમાં બીબીએ કોલેજનું તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે.





વર્તમાન સમયમાં ધંધાકીય મેનેજમેન્ટ ક્ષેત્રે બદલાતા અભિગમો, ઈનોવેશન્સ, હરીફાઈ, ધંધાકીયક્ષેત્રે ઘણા બધા નવા પડકારો આવી શકે છે. આ પડકારો સામે કાર્યક્ષમ મેથડ અપનાવી ધંધાકીય અને સામાજીક વિકાસ કરી શકે તે માટે હવેની પેઢીનો કૌશલ્ય નિખાર કરવો, આવડત વધારવી તેમજ જ્ઞાનનો વિકાસ કરવો એની જરૂરીયાતો ઉભી થઈ રહી છે. શહેરની બીબીએ કોલેજના ફાઈનલ યરનાં વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પૂર્ણ થઈ રહી છે તેમજ ૪૦ અલગ અલગ ધંધાકીય ક્ષેત્રનાં વિષયો પર આ વિદ્યાર્થીઓએ રીસર્ચ પ્રોજેકટ બનાવ્યા હતા. વિદ્યાર્થીઓએ ફિલ્ડમાં જઈ બિઝનેસ ઓર્ગનાઈઝમાં કેવા પ્રકારની સમસ્યા સામે આવી રહી છે. તેઓની ઉત્પાદકતા તેમજ નફાકારકતાના મુદ્દાઓમાં સુધાર કરવાની જરૂરીયાત હોય આવા વિવિધ ડાઈમેશન્સને ધ્યાનમાં રાખી ૨૩૪ વિદ્યાર્થીઓએ અલગ અલગ વિષય સાથે 'એક્ષન રીસર્ચ' કર્યુ તેમજ પોતાના પ્રોજેકટને અનુલક્ષીને પ્રશ્નોત્તરી તૈયાર કરી અને તેના જવાબોના આધારે તારણો કાઢી સૂચન રજૂ કર્યા હતા. પ્રોજેકટ વાઈવા માટે જયુરી મેમ્બર તરીકે પી.ડી. મોઢ સાહેબ, ડૉ. લિટ્ટી ડેનિસ (સેન્ટ્રલ યુનિ.) પ્રો. આશિષ રામી (રાઈ યુનિ.) તેમજ ઈન્ટરનલ મેમ્બર તરીકે ડૉ. રમાકાન્ત પૃષ્ટી તેમજ ડૉ. જયેશ તન્ના તેમજ ડૉ. નીરવ જોશી દ્વારા તમામ વિદ્યાર્થીઓના પ્રોજેકેટસ બાબતે નિર્ણય આપવામાં આવ્યો હતો.

## અમદાવાદનાં પ્રેમી યુગલનો હાથે દુપટ્ટો બાંધી સુઘડ કેનાલમાં આપઘાત

ગાંધીનગર, તા.૩

અમદાવાદના મણીનગર વિસ્તારમાં રહેતી કોલેજીયન યુવતી અને તેજ વિસ્તાર આસપાસ રહેતો પરિણીત યુવાન બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો પરંતુ લગ્ન શકય ન હોવાનું માની ગઈ કાલે કોલેજમાંથી પ્રેમી યુગલ ગાડી લઈને નીકળી ગયું હતું. ગાંધીનગર નજીક આવેલી સુઘડ નર્મદા કેનાલ બહાર ગાડી પાર્ક કરીને બંનેએ હાથે દુપટ્ટો બાંધી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસે આજે મૃતદેહ બહાર કાઢી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરૂ કરી છે.

મણીનગર વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય યુવતી જીનલ વિજયગીરી ગોસ્વામી એફ.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતી હતી ગઈ કાલે રાયપુર નજીકની એક કોલેજમાં પરીક્ષા ચાલુ હોવાથી ત્યાં પેપર આપવા ગઈ હતી. પેપર આપ્યા બાદ બહાર નીકળી ત્યારે મણીનગર રહેતો તેનો પરિણીત પ્રેમી ૨૫ વર્ષીય પરેશ નાગજીભાઈ દેસાઈ તેને લેવા ગાડી લઈને આવ્યો હતો. સ્વીફટ ગાડી લઈને બંને કોલેજથી નીકળ્યા અને ત્યાર બાદ લાપતા હતાં. ગઈ સાંજે આ સ્વીફટ અડાલજના જમાદાર અમરતભાઈને સુઘડ નર્મદા કેનાલની બહારથી બિનવારસી હાલતમાં મળી આવી હતી. ગાડીમાં તપાસ કરતા યુવક યુવતી બંનેના આઈકાર્ડ મળી આવતા બંનેના પરિવારજનોને પોલીસે જાણ કરી બોલાવી લીધા હતા અને કેનાલમાં શોધખોળ શરૂ કરી હતી. આજે સાંજે બહીયલના તરવૈયાઓ દ્વારા બંનેના મૃતદેહ બહાર નિકાળવામાં આવ્યા હતા. બંનેના હાથ દુપટ્ટાથી બાંધેલ હાલતમાં હતા. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

## સે-૨૫માં ધાર્મિક દબાણ દુર કરવા તંત્રની સૂચના

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ કેટલાંક સ્થળોએ સરકારી જમીનો પર ગેરકાયદેસર દબાણો ઉભા થવા પામ્યા છે. તંત્ર દ્વારા આંતરે દિવસે દબાણ હટાવ ઝુંબેશ શરુ નહી કરવામાં આવતા આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે.ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૨૫માં રહેણાંક એરીયા નજીક જ એક ગેરકાયદેસર મોટું તોંતિગ ધાર્મિક દબાણ ઉભુ થઈ ગયું છે અને આ દબાણને વીજકનેકશન પણ આપી દેવામાં આવ્યું છે. ત્યારે આ અંગે સેકટર-૨૫ના જાગૃત રહીશોઓ દ્વારા કલેકટરને તેમજ લાગતા વળગતા તંત્રને રજુઆત કરી હતી. આ રજુઆતને કલેકટર ઓફીસના દબાણ વિભાગ દ્વારા ગંભીરતાથી લેવામાં આવી છે અને પાટનગર યોજના વિભાગને સેકટર-૨૫માં ગેરકાયદેસર ઉભા થયેલા દબાણ હટાવવા માટે સુચના આપી દેવામાં આવી છે. તેમજ આ ધાર્મિક દબાણનું વિજ કનેકશન રદ કરવું અને જો વિજ કનેકશન ના મળ્યું હોય તો ના મળે તે અંગે તકેદારી રાખવા સુચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં વસવાટ કરતી ધર્મપ્રેમી જનતાની આંખમાં ધુળ નાંખીને કેટલાક લોકો ધાર્મિક દબાણ ઉભુ કરીને જમીનો પચાવી પાડવાનો પ્રયાસ કરતા હોય છે.

# ન્યુ ગાંધીનગરમાં બસ સેવા શરૂ કરવા માંગ

ગાંધીનગર, તા. ૩

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના નામે મીંડુ છે. ત્યારે વિકસીત એરીયા કુડાસણ અને સરગાસણમાં શહેરી બસ સેવા કાર્યરત હજુ સુધી થઈ નથી જેને પગલે હજજારો નાગરીકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આ વિસ્તારમાં શહેરી બસ સેવાના રૂટ શરૂ કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની માંગ છે.

ગુજરાત રાજયનો વિકાસ દિનપ્રતિદિન રોકેટ ગતિએ થઈ રહ્યો છે ત્યારે ગાંધીનગર શહેરે પણ વિકાસની હરણફાળ ભરી છે. ગાંધીનગર જેવુ બીજુ ન્યુ ગાંધીનગર બનવા પામ્યુંછે. સરગાસણ તેમજ કુડાસણ વિસ્તારમાં અનેક સોસાયટીઓ આવેલી છે વિકાસ પામેલ સોસાયટીમાં આવન-જાવન માટે બસ સેવા કે રીક્ષા મળતી નથી અને રીક્ષા ને સ્પેશીયલ બોલાવામાં આવે તો મનફાવતું ભાડું રીક્ષા ચાલકો વસુલે છે. ત્યારે ન્યુ ગાંધીનગરના વસાહતીઓને દોઢ થી બે કિલોમીટર ચાલવાનો વારો આવે છે. આ વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. ન્યું વિસ્તારમાં હજ્જારો લોકો વસવાટ કરે છે. ત્યારે વીટકોસના તંત્ર દ્વારા પથિકાશ્રમથી ઘ-૦ રીલાયન્સ ચોકડી, કૃષ્ણકુંજ, વૃંદાવન, કુડાસણ રોડ, પ્રસંગ પાર્ટી પ્લોટ, ઈન્ફોસીટી કોલેજ, વેદ, કામેશ્વર, આશ્કા હોસ્પિટલ, એચીવર સ્કુલ, સરગાસણ ચોકડી, આરટીઓ, બીજા રુટમાં મેઘધનુંષ સોસાયટી, રાજધાની, કાનમ ૧ અને ૨, શુકન આઈ, શુકન વિલાસ, પ્રમુખ બંગ્લોઝ, સહજાનંદ રેસીડેન્સી, સિધ્ધી, શુર્યાંશ, સૌદર્ય ૪૪૪, ખરોડ, સહિતના રુટ શરુ કરવામાં આવે તો નોકરીયાત અને વિદ્યાર્થીઓ સહિત નાગરીકોને ટુંકા સમયમાં શહેરી બસ સેવા મળી રહે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે. જયારે ગાંધીનગરથી ગણેશપુરા સ્પેશયલ બસ સેવા દર વદ ત્રીજ અને ચોથ ના દિવસે શરૂ કરવામાં આવે તો શહેરના ભકતોને ગણપતિદાદાના દર્શનનો લાભ મળી શકે. ત્યારે ન્યુ ગાંધીનગર વિસ્તારના રહીશોને શહેરી બસ સેવા શરૂ કરવા વસાહતીઓ માંગ કરી રહ્યા છે.

વાતવાતમાં

● સેકટર-૧૩માં ચ-૧ ટાઈપ આવાસમાં પાણી વેડફવા બાબતે બે પરીવારો વચ્ચે તુ તુ મૈ મૈ ના દ્રશ્યો સર્જાયા હતા. રાજય સહિત શહેરમાં પણ વકરી રહેલી પાણીની તંગી છતાં એક રહીશ દ્વારા દરરોજ વરંડા તથા આસપાસની ખુલ્લી જગ્યામાં પાઈપથી છંટકાવ કરી બગાડાતા પાણી બાબતે અન્ય જાગૃત પરિવારે વિરોધ નોંધાવ્યો હતો.

● મુકિતધામ ખાતે લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓ મોડી રાત્રિ સુધી વાંચન પ્રવૃત્તિમાં વ્યસ્ત જોવા મળી રહ્યાં છે. આ વિદ્યાર્થીઓ માટે ઉનાળામાં શાંતિથી વાંચી શકે તે માટે ઠંડા પાણીના કુલરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

● શહેરના એરપોર્ડ રોડ પર નારાયણી હાઈટસ નજીક સાંજના સુમારે એક રીક્ષા પલ્ટી ખાઈ જવા પામી હતી. આ અકસ્માતમાં રીક્ષામાં સવાર ડ્રાઈવર સહિત પેસેન્જરોને પણ ઈજાઓ થવા પામી હતી.

● ગાંધીનગર રલવે સ્ટેશને ફરી એકવાર સાયન્સ એકસપ્રેસ ટ્રેન ગુરૂવારથી આવી રહી છે જે શનિવાર સુધી રોકાશે. આ વર્ષે સાયન્સ ટ્રેનની થીમ 'કલાયમેન્ટ ચેન્જ' રાખવામાં આવી છે જેમાં નગરના વિદ્યાર્થીઓ સહિત વાલીઓને પણ જોવામાં રસ પડશે.

## મત્સ્યોદ્યોગ ખાતાની સહકારી મંડળીના હોદ્દેદારોની વરણી

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ગાંધીનગરના હોદ્દેદારોની મીટીંગ યોજાઈ હતી. જેમાં મંડળના પ્રમુખ તરીકે પ્રદ્યુમનસિંહ વાઘેલાની સતત ૧૨મી વાર બિનહરીફ વરણી કરવામાં આવી હતી. મંત્રી પદે કે.યુ. પટેલ, ઉપપ્રમુખ પદે એ.એલ. તેજલાણી, ખજાનચી પદે બી.એમ. મામ્પીલ્લી, સહમંત્રી પદે વાય.બી. પવાર, કારોબારી સભ્યો માટે પી.સી. મોદી, આર.પી. જાની, એમ.પી.પરમાર અને પી.સી. સોલંકી તથા સલાહકાર તરીકે જી.એચ. મદલાણી સહિતની બિનહરીફ વરણી કરાઈ હતી.

# વેકેશનમાં બાળકો 'મામાનું ઘર' છોડી સ્પોર્ટસ કોચિંગ તરફ

**કોચિંગમાં પણ ક્રિકેટની લોકપ્રિયતા સૌથી વધુ : સ્વીમીંગ, ટેનિસ, ટેબલટેનિસ જેવી રમત માટે પણ ક્રેઝ વધ્યો : કોચિંગ મેળવવામાં છોકરીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો**

ગાંધીનગર, તા.૩

શહેરની શાળાઓમાં વેકેશનનો માહોલ જામી ચુકયો છે અને વેકેશનની સાથે સાથે બાળકોમાં સ્પોર્ટસ કોચિંગનો મહિમા પણ જોવા મળી રહ્યો છે. શહેરના બાળકો ક્રિકેટ ઉપરાંત સ્વીમીંગ, ટેનિસ, ટેબલ ટેનિસ, બાસ્કેટબોલ, ફુટબોલ, કરાટે તથા હોકી જવી રમતોમાં તાલીમ મેળવી વેકેશનના સમયનો સદુપયોગ કરી રહ્યાં છે. કેટલાક બાળકો બોકિંસગ તથા રેસિંગ જેવી રમતમાં પણ પોતાના શોખના કારણે પધ્ધતિસરની તાલીમ મેળવી કારકિર્દી ઘડવા પ્રયત્નો હાથ ધરી રહ્યાં છે. આમ બાળકો મામા માસીના ઘરે જવાને બદલે સ્પોર્ટસ કોચિંગમાં રૂચિ દાખવી રહ્યાં છે.

ગાંધીનગરના સેકટર-૨૧ જીમખાના ખાતે વહેલી સવારથી જ વિદ્યાર્થી વર્ગની હાજરી મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે. આજ સ્થિતિ સે-૧૯ જીમખાના તથા સે-૧૫ના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-સાંઈ સંકુલ ખાતે જોવા મળી રહી છે. ક્રિકેટ એ હાલના સમયની સૌથી લોકપ્રિય રમત છે અને વેકેશનમાં ક્રિકેટની પધ્ધતિસરનું કોચિંગ મેળવવા રીતસર પડાપડી થઈ રહી છે. ક્રિકેટ માટે સે-૨૧ જીમખાના અને સાઈ સંકુલ ખાતે સૌથી વધુ તાલીમાર્થી બાળકો જોવા મળે છે. ક્રિકેટ બાદ હાલ ઉનાળાની ગરમીના કારણે પણ સ્વીમીંગ શિખવા આવતા યુવાનોની સંખ્યા વધુ જોવા મળી રહી છે. વહેલી સવારથી જ સે-૨૧ અને સે-૧૯ના જીમખાના ઉપરાંત સાઈ સંકુલ ખાતે સ્વીમીંગ શીખવા આવનારા બાળકો જોવા મળે છે. આ ઉપરાંત લોન ટેનિસ, ટેબલ ટેનિસ તથા અન્ય રમતો માટે પણ વિદ્યાર્થીઓ સઘન તાલીમ મેળવી રહ્યા છે. કેટલાક શૈક્ષણિક સંકુલોમાં પણ વેકેશન દરમિયાન કોચિંગ કેમ્પ ચલાવાય છે. જેમાં ટેનિસ, ટેબલ ટેનિસ, વોલીબોલ, બાસ્કેટબોલ, ફુટબોલ તથા હોકી પણ શિખવાડવામાં આવે છે આ ઉપરાંત પ્રો-કબડ્ડીની લોકપ્રિયતા બાદ કબડ્ડી શિખનારા બાળકોની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આ સાથે ખોખો, બેડમિન્ટન અને એર રાયફલ શુટિંગ જેવી સ્પોર્ટસ પણ શહેરમાં શિખવાડવામાં આવી રહી છે. તમામ રમતો શિખવામાં છોકરીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.





(તસવીર : દિપક જાની)

પહેલા એક સમય એવો હતો કે વેકેશન પડે એટલે બાળકો 'મામાના ઘરે' જાય અથવા ફેમિલી સાથે બહારગામ ફરવા જાય વળી ઘણા પરિવારોમાં બાળકો ટીવી જોયા કરે અને માત્ર ઈન્ડોર ગેમ્સ જેવી કે કેરમ, ચેસ, સોગઠાબાજી કે પ્લેકાર્ડસ તથા વિડીયોગેમ્સ રમ્યા કરે તેવી ફરિયાદો વધુ ઉઠતી હતી. પરંતુ હવે તાસીર બદલાઈ છે અને તે સાથે ધીમે ધીમે આઉટડોર ગેમ્સની લોકપ્રિયતા પણ વધી છે. હવે બાળકો મામાના ઘરે જવાને બદલે સ્પોર્ટસ કોચિંગમાં જવાનું વધુ પસંદ કરે છે. આ પરિસ્થિતિ જોતા એવું લાગી રહ્યું છે કે આવનારા સમયમાં ઓલમ્પિક સહિત અન્ય રમતોમાં રણ રાજયના વધુને વધુ ખેલાડીઓ ઝળકી ઉઠશે અને ગુજરાતનું નામ રોશન કરશે.

## શુકન સ્કાય કૌભાંડના બે આરોપીના આગોતરા રદ

ગાંધીનગર, તા.૩

કુડાસણ પાસે શુકન સ્કાય નામની ફલેટની સ્કીમ મુકીને ભાગીદારો તેમજ મળતીયાઓ એ ગ્રાહકો પાસેથી પૈસા લઈ ફલેટ આપ્યા ન હતાં. તે ઉપરાંત ખોટા ડોકયુમેન્ટ તૈયાર કરીને બેંકોમાંથી કરોડો રૂપિયાની લોન લઈ છેતરપીંડી, વિશ્વાસઘાત અને ઠગાઈ કરી હતી તે અનુસંધાને સે-૨૧ પોલીસમથકમાં ગુનો નોંધાયો હતો.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે શરૂ કરેલી તપાસમાં અન્ય આરોપી મહેશ રેવા પટેલ અને ધીરેન પ્રહલાદ પટેલ બે શખ્સોના નામ ખુલ્યા હતા. બંને શખ્સોએ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવી લીધા હતા જેમાં કોર્ટે શરત કરી હતી કે પોલીસ બોલાવે ત્યારે હાજર રહેવુ અને તપાસમાં સંપૂર્ણ સહકાર આપવા અને જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન-૩માં તપાસ કરનાર સમક્ષ જમા કરાવવા અને જો ન ધરાવતા હોય તો તે મુજબ સોગંદનામુ રજુ કરવા હુકમ કર્યો હતો.

એલસીબીના તપાસનીશ અધિકારી દ્વારા આરોપીઓની નોટીસ કાઢી તપાસના કામે અવારનવાર બોલાવવા છતા આ આરોપીઓ હાજર થતા ન હતાં અને કોર્ટના હુકમનો અનાદર કરતા હતા જેથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે બંનેના આગોતરા જામીન નામંજુર કરવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી જે અનુસંધાને કોર્ટે બંને આરોપીના આગોતરા જામીન નામંજુર કરવા હુકમ કર્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. સોલંકી નારણભાઈ વાઘાભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. શર્મિષ્ઠાબેન ધનંજયભાઈ વોરા, ઉ.વ. ૮૦
- સ્વ. શાંતાબેન પ્રહલાદભાઈ દંતાણી, ઉ.વ. ૬૫
- સ્વ. મણીલાલ હેમાભાઈ મેનપરા, ઉ.વ. ૬૦